## એક રીંગ કરી બીએસએનલ ફોન બીલ ઘરે બેઠા ભરી શકાશે

ગાંધીનગર, તા. ૨૬

સ્પર્ધાના યુગમાં ટકી રહેવા ભારતીય દૂર સંચાર નિગમ લિમિટેડ દ્વારા આગામી સોમવારથી નવી ગ્રાહકલક્ષી સિસ્ટમનો આરંભ કરવામાં આવશે. જેમાં નજીકના રિટેલરને માત્ર એક રીંગ કરવાની સાથે બીએસએનલના લેન્ડલાઈન, મોબાઈલ તથા બ્રોડ બેન્ડના બીલો ઘરે બેઠા ભરી શકાશે.

હાલ જે દુકાનદારો દ્વારા બીએસએનએલના સીમકાર્ડ તથા પ્રિપેડ રિચાર્જ વાઉચરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. તેઓને બીએસએનએલના બીલનું કલેક્શન સેન્ટર પણ આપવામાં આવશે. જે ગ્રાહકો પોતાના નજીકના રિટેલરની માહિતી મેળવવા માંગતો હોય તે પોતાના મોબાઈલમાંથી આઈઈસી ટાઈપ કરી આ મેસેજ ૫૩૭૩૫ ઉપર મોકલી શકશે. મેસેજના જવાબમાં ઘર કે ઓફિસ નજીકના ત્રણ રીટેલરોના નામ, સરનામા કે ફોન નંબરો પ્રાપ્ત થશે. જ્યાં ગ્રાહકો લેન્ડલાઈન, મોબાઈલ તથા બ્રોડ બેન્ડના બીલો ભરપાઈ કરી શકશે.

## મિલ્કતવેરાની ક્ષતિઓ અંગે નગરજનોને માહિતગાર કરાશે

### સંસ્થાના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા અપીલ

ગાંધીનગર, તા. ૨૬

મિલ્કતવેરા સહિત અન્ય સ્થાનિક કરવેરા અંગે વિવિધ ચાર મુદ્દાઓ સંદર્ભે નગરની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વખતોવખત રજૂઆત કરવામાં આવી છે. આમ છતા આ અંગે વિશેષ જાણકારી મેળવવા માટે નગરજનોને સંસ્થાના અધિકારીઓનો સંપર્ક કરવા જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા અનુસાર મિલ્કતવેરો તેમજ અન્ય સ્થાનિક કરવેરાની આકારણી સંદર્ભે નગરજનો પ્રથમવાર આ પ્રક્રીયામાંથી પસાર થતા હોવાથી અનેક મુંઝવણોનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ નગરજનોની હાલાકી નિવારવા નગરની સ્થાનિક સંસ્થાઓ દ્વારા અનેકવાર મિલ્કતવેરાની ક્ષતિયુક્ત આકારણી, કરમા ઘટાડો કરવા ઉપરાંત શિક્ષણ ઉપકરની આકારણી અંગે સ્પષ્ટતા કરવા તેમજ શહેરમાં સફાઈના નામે મીંડુ હોવા છતાં સફાઈવેરાના બીલની વસુલાત કરવાની નીતિ સામે પણ રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત પાટનગરની જમીન અને તેના ઉપરની મિલ્કતના કાનૂની નિયમન અને નિયંત્રણ અંગે પણ સ્પષ્ટતા માંગવા રજૂઆતમાં જણાવાયું છે. તેમણે વધુમાં નાગરિકો દ્વારા બીલમાં રહી ગયેલી ક્ષતિઓ સંદર્ભે તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવે ત્યારે આ સઘળી બાબતોનો ઉલ્લેખ કરવા પણ ઉમેર્યું છે. જ્યારે આ મામલે વિશેષ જાણકારી મેળવવા સ્થાનિક સંસ્થાના પદાધિકારીઓ લવજી વાડીયા, રવિન્દ્ર દવે, લત્તાબેન ચોકસી, જીતેન્દ્ર ચોકસીનો પણ સંપર્ક કરવા જણાવ્યું છે.

## બિહોલાવંશ યશગાથા ગૌરવ ગ્રંથનું ૨૮મીએ વિમોચન

ગાંધીનગર, તા. ૨૬

બિહોલા રાજપૂત સમાજના પ્રમુખ વિસાજી બિહોલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત 'બિહોલાવંશ યશગાથા' ગૌરવગ્રંથ તથા 'બિહોલા સમાજ પરિવાર દર્શન' સ્મરણિકા ગ્રંથનો વિમોચન સમારોહ તા. ૨૮મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારે બપોરે ૨.૩૦ કલાકે સેક્ટર-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાશે.

પુસ્તક વિમોચન સમારંભમાં અધ્યક્ષ સ્થાને પૂર્વ અધ્યક્ષ, ગુજરાત વિધાનસભાના ગુમાનસિંહ વાઘેલા, મુખ્ય મહેમાન તરીકે ઈતિહાસવિદ્ અને પૂર્વ નિયામક ભો.જે. વિદ્યાભવનના ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, અતિથિ વિશેષ તરીકે પ્રા. ડૉ. રામજીભાઈ સાવલિયા ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રી ૧૦૦૮ શ્રી રામસ્વરૂપપુરીજી આશીર્વચન પાઠવશે. બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્ય અને બિહોલા વંશ ઈતિહાસ સંશોધન સમિતિએ સમાજના આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સૌ જ્ઞાતિ બંધુઓને ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.



આજે ગાંધીનગર નજીક જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે બુથ લેવલે એજન્ટોને તાલીમ આપવાના એક અભ્યાસ વર્ગનું આયોજન કરાયું હતું. જેમાં તાલીમ આપવા માટે ખાસ ટીમ પ્રદેશ કક્ષાએથી આવી હતી. આ બેઠકમાં શ્રી નિશીથ વ્યાસ, પોપટલાલ પટેલ, કે.આર.પટેલ, ચિમનભાઈ વિઝૂંડા, પ્રવીણ પટેલ, અશ્વિન વ્યાસ વગેરે હાજર રહ્યા હતા.

### લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે

## ચિલોડા વિસ્તારમાં લાખો રૂપિયાનું ફુલેકુ ફેરવી ઉઠામણું : ફાઈનાન્સનો રાફડો ફાટ્યો

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા લવારપુર, શાહપુર જેવા ગ્રામ્ય વિસ્તારમાં જમીનોનો ઊંચો ભાવ ઊંચકાતા દિનપ્રતિદિન ફાઈનાન્સ પેઢીઓની વધુ બોલબાલાથી સોર્ટ એન્ડ કટ રસ્તાથી લખપતિ બનવાના કોડ જાગતાં મોટી સંખ્યામાં લોકો આકર્ષાયા છે. પરિણામે કોઈપણ પ્રકારની સલામતી વિના કરોડો રૂપિયાની હેરાફેરી કરી રાતોરાત લખપતિ બનવાના સ્વપ્ના સેવતા લોભિયા અને ધુતારા દ્વારા ઊંચા વ્યાજની લાલચમાં ફસાઈ જતાં લાખો રૂપિયા લઈને ભાગી જતાં ઈસમોથી ચુપકીદી સેવીને પસ્તાવાનો વારો આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આમ ચિલોડા મુખ્યત્વે રૂપિયા કમાવનાર આકર્ષણ કેન્દ્ર બન્યું છે. પરિણામે નાના મોટા સૌ ફાઈનાન્સનું કામ કરતા યુવાનવર્ગો વધુ આકર્ષાયા છે. જેમાં સવાર પડતા પડતા ફાયનાન્સનું કાર્ય કરતા ઈસમો ઊંચા વ્યાજની લેતી દેતીમાં અનેક ફાયદો થતા એક ઈસમ દ્વારા ૧ કરોડનું ઉઠામણું કરતા અનેકના લાખો રૂપિયા ડૂબી જતાં આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આમ ચિલોડા પંથકમાં કોમર્શિયલ સેન્ટરોમાં ગેર કાયદેસર રૂપિયાની હેરાફેરી કરતા પેઢીઓ તથા છૂટાછવાયા ઈસમો દ્વારા ૧૦થી ૧૫ ટકા ઉંચા વ્યાજની ચૂકવણી કરતા લોકો વધુ આકર્ષાતા રૂપિયાનું રોકાણ કરી ધનાટ્ય બનવાના કોડ અધુરા રહ્યા છે. આમ રાતોરાત ધનાટ્ય બનવાના એંધાણોમાં લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે તે ઉક્તિ અહીંયા સાર્થક થતાં અનેક લોકોના રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ સમીર ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતેના ફિઝીયોથેરાપી સેન્ટરે તા. ૨૮મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવશે.

આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પમાં લોદરાની આયુર્વેદિક કોલેજના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા હરસ, મસા, ભગંદર, સ્ત્રીરોગ અને જનરલ મેડીસીન અંગે મફત નિદાન અને દવા આપવામાં આવશે. કેમ્પમાં જોડાવા માંગતા વ્યક્તિઓએ પોતાના નામની નોંધણી માટે ફોન નં. ૨૩૨-૮૮૩૩ અથવા ૨૩૨૮૮૮૫૫ પર સંપર્ક કરવા ખાસ જણાવાયું છે.

જાહેરાત માટેનું એક
વિશ્વાસપાત્ર સ્થળ એટલે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨ ૨૨૫૭૧
ફોન : ૨૩૨ ૩૭૫૭૧

## એસ.ટી. ડ્રાઈવરોની ઘટને કારણે પોલીસ જવાનોને હાલાકી

### પેટ્રોલીંગ અને તપાસમાં પોલીસે જાતે ગાડીઓ ચલાવીને લઈ જવી પડે છે..!

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પોલીસને અગાઉ સરકારી પોલીસ જીપ અને વાનના અભાવને પગલે અગવડો પડતી હતી પરંતુ હવે પરિસ્થિતિ વિપરીત થઈ જવા પામી છે. હવે વાહનો પુરતા પ્રમાણમાં ફાળવી દેવાયા છે ત્યારે એસ.ટી. સ્ટાફની ઘટ હોવાથી મુશ્કેલીઓ ઉભી થઈ છે જે તે પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓએ ડ્રાઈવરની અછત હોવાથી જાતે પોલીસ જીપ લઈને પેટ્રોલીંગમાં કે તપાસમાં જવું પડે છે.

જિલ્લાના પોલીસ સ્ટાફે એસ.ટી. સ્ટાફમાં ઘટને પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લા પોલીસની એક સમયે સ્થિતિ એવી હતી કે પોલીસે તપાસ માટે પણ પ્રાઈવેટ વાહન લઈને જવું પડતું હતું. તે સમયે પોલીસ પાસે પુરતા વાહનો પણ ન હતા. એકાદ વર્ષ અગાઉ જ જિલ્લા પોલીસને બાઈકો અને જીપો ફાળવવામાં આવી છે. પરંતુ એસ.ટી. ડ્રાઈવરના સ્ટાફની ઘટ હોવાને કારણે આ ગાડીઓ પોલીસ જવાનોએ જ ચલાવવી પડે છે. જેમ કે એક પોલીસ સ્ટેશનમાં છ વાહનો ફાળવવામાં આવ્યા છે. તેની સામે ડ્રાઈવર માત્ર બે જ છે. જેથી પોલીસ જવાનોએ તપાસ માટે જવુ હોય કે રાત્રે પેટ્રોલીંગમાં નિકળવું હોય ત્યારે ડ્રાઈવરના અભાવે જાતે જ ગાડી લઈને નીકળી જવું પડે છે. જેથી એસ.ટી. ડ્રાઈવરોની ઘટને પુરી કરવા વિચારણા થાય તે જરૂરી છે.

## ડેપ્યુટી ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી ૩૧મી ઓક્ટોબરના રોજ ખુલ્લી રહેશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના કારખાના ધારા- ૧૯૪૮ હેઠળ લાયસન્સ ધરાવતા કારખાનેદારોને વર્ષ- ૨૦૧૩ માટે લાયન્સ તાજુ કરવાની અરજી ફાર્મ નં-૩ જરૂરી ફી નું ચલણ તથા અસલ લાયસન્સ સાથે ડેપ્યુટી ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી, ડી- બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે તા. ૩૧/૧૦/૨૦૧૨ પહેલા કરવાની રહે છે. તા. ૩૧મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ જાહેર રજા હોવા છતાં કારખાનેદારોની સગવડ ખાતર કચેરી ખુલ્લી રાખવામાં આવશે.ત્યાં રીન્યુઅલ અરજી જરૂરી બિડાણો સહિત પહોચાડવાની રહેશે. તે પછી ૨૫ ટકા વધારાની ફી સાથે લાયસન્સ તાજુ કરવાની અરજી મોકલવાની રહેશે. લાયસન્સ તાજુ કરવાની અરજી વધુમાં વધુ પાંચ વર્ષ માટે કરી શકાય છે. તેવું નાયબ નિયામક શ્રી એચ.બી.ત્રિવેદીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આઈ બેચરાજી પ્રાગટ્ય અને પ્રસિદ્ધ ગ્રંથનો વિમોચન કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તર ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ બેચરાજી મુકામ તાજેતરમાં શિવદાન ગઢવી લિખિત બે ગ્રંથનો વિમોચન કાર્યક્રમ મહેસૂલના જમીન સુધારણા વિભાગના અગ્રસચિવ વસંતભાઈ ગઢવી અને ગાંધીનગર સહિત સભાના પ્રમુખ તથા કોલમ લેખક દોલતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

જાણીતા સાહિત્ય રસિક અને સંશોધન પ્રિય શિવદાન ગઢવી દ્વારા 'આઈ બેચરાજી પ્રાગટ્ય અને પ્રસિદ્ધિ' ગ્રંથ અને 'દુહા છંદની સૌરભ' નામના પુસ્તકનો વિમોચન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. સમારંભમાં મહેસુલના જમીન સુધારણા વિભાગના અગ્ર સચિવ વસંતભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રંથોનું વિમોચન ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને કોલમ લેખક દોલતભાઈ ભટ્ટ અને ચારણ્ય અગ્રણી સુભદ્રાબેને કર્યુ હતું. સ્વાગત વિધિ દિલીપભાઈ શિલગાએ અને સમારંભનું સફળ સંચાલન ભરત કવિએ કર્યુ હતું.

વિમોચન સમારંભમાં આઈ બેચરાજી ગ્રંથનો રસાસ્વાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ કરાવ્યો હતો. તથા પ્રાસંગિક ઉદ્બોધન પૂર્વ કલેક્ટર પ્રવીણભાઈ ગઢવી અને નરસિંહભાઈ પરમારે કર્યું હતું. સમારંભમાં હાઈકોર્ટ એડવોકેટ નયનાબેન, બળવંતભાઈ વકીલ, ડૉ. હરદાન વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારદર્શન મોજદાન ઝુલાએ કરી હતી.

## રેશનલ સમાજ ગાંધીનગરે ચમત્કારોનો પર્દાફાશ કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૭ વસાહત મંડળના રહીશો દ્વારા નવરાત્રી ચોકમાં રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે 'ચમત્કારોનો પર્દાફાશ' કાર્યક્રમ યોજાઈ ગયો.

અંધશ્રદ્ધા નિવારણ અંતર્ગત રેશનલ સમાજ ગાંધીનગરે સેક્ટર-૭ના નવરાત્રી ચોકમાં તાજેતરમાં અંધશ્રદ્ધા નિવારવા માટેનો કાર્યક્રમ યોજ્યો હતો. સંસ્થાના ઉપપ્રમુખ અનિલભાઈ પટેલે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ જેવી કે, હાથમાંથી કંકુ કાઢવું, શ્રીફળમાંથી કંકુ ચોખા-ચુંદડી કાઢવી, મંત્રથી અગ્નિ પ્રગટાવવો, નજર લાગવી, મંત્ર-તંત્ર મેલી વિદ્યા, ફળ જ્યોતિષ, ભૂત-પ્રેત અંગેની ભ્રામક માન્યતાઓનો પર્દાફાશ કરી વૈજ્ઞાનિક સમજ આપી હતી. તેમણે આ પ્રસંગે સૌ દર્શકોને 'ઓ માય ગોડ' ફિલ્મ જોવાનો પણ અનુરોધ કર્યો હતો.

રેશનલ સમાજ ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં હજુ પણ આપણે આવી બધી ભ્રામક માન્યતાઓનો શિકાર બનીએ છીએ ત્યારે હવે આપણે રેશનલ સમાજના નિર્માણ માટે આપણી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી આવી જુઠી ભ્રામક માન્યતાઓમાંથી બહાર નિકળી સ્વસ્થ અને તંદુરસ્ત સમાજ નિર્માણ માટે કટિબદ્ધ બનવું જોઈએ. સમગ્ર કાર્યક્રમમાં નગરના વિશાળ જન સમુદાયે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વસાહત મંડળ સેક્ટર-૭/એ દ્વારા નવરાત્રી પર્વ ઉજવાયું

### દશેરાએ સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામોત્સવ યોજ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-એ, વસાહત મંડળ દ્વારા નવરાત્રી પર્વની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વસાહત મંડળના સભ્યો દ્વારા નવે નવ દિવસ રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી અને દશેરાએ વસાહતના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નવરાત્રી દશેરા વર્ષ નિમિત્તે સેક્ટર-૭-એના વસાહતીઓએ નવે નવ દિવસ સંગીતના તાલે ગરબાનો કાર્યક્રમ યોજ્યો હતો. ભાઈઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નવરાત્રીના છેલ્લા નોરતે ઘરદીઠ સુંદર થરમોસની લ્હાણી કરવામાં આવી હતી. દશેરાના દિવસે એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. બાળકોએ ગીત સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તથા ૭૫ વર્ષીય વરિષ્ઠ નાગરિકને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તથા દાતાઓને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉમિયા માતા, કડવા પાટીદાર સમાજના ઉપપ્રમુખ અનીલભાઈ પટેલ દ્વારા અંધશ્રદ્ધાના પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા અને તેનાથી બચવા હાસ્ય સાથે સુંદર રજૂઆત કરી લોકોને ખુશ કરવામાં આવ્યા હતા. મંડળના પ્રમુખ શિવાભાઈ પટેલે મંડળની વાર્ષિક પ્રવૃત્તિનો અહેવાલ આપી સર્વેનો આભાર માન્યો હતો.

## વાવોલની સંકલ્પ રોયલ સોસાયટીમાં થયેલી નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના વાવોલ મુકામે ઉવારસદ રોડ પર આવેલી ધી સંકલ્પ રોયલ કો.હા. સર્વિસ સોસાયટીમાં નવરાત્રી પર્વ નિમિત્તે મા આદ્યશક્તિ જગદંબાના પાવન દિવસોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીના સભ્યો દ્વારા નોરતાની પ્રથમ રાત્રીથી જ નવદુર્ગાની આરતી, પૂજા આરાધના સાથે ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી અને આધ્યાત્મિક વાતાવરણ ઉભુ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં આવેલ સંકલ્પ રોયલ સોસાયટીમાં મા આદ્યશક્તિ જગદંબાના પાવન પર્વની ખૂબ જ હર્ષો ઉલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીના સભ્યો વચ્ચે ગાંધીવિચાર પરિવાર ભાવનાનો માહોલ જણાયો હતો. નોરતાની પ્રથમ રાત્રીથી અંતિમ રાત્રી દરમિયાન નિયત સમયે આરતી, પૂજા પાઠ સાથે ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આરતી પછી વિવિધ પ્રસાદી કરવામાં આવતી હતી. દરરોજ સોસાયટી દ્વારા નાસ્તાની વ્યવસ્થા પણ કરાઈ હતી. રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન સોસાયટીના રહીશોએ ગરબાની રમઝટ બોલાવી હતી. આ પર્વમાં મા આદ્યશક્તિના પર્વમાં ગરબે ઘુમવા માટે અલગ અલગ ઓરકેસ્ટ્રા બોલાવવામાં આવ્યા હતા.

આ શક્તિની આરાધના કરવા કેટલાક રહીશોએ નવ દિવસના ઉપવાસ પણ કર્યા હતા. નવરાત્રી દરમ્યાન વાવોલ ગામના સરપંચ કમલેશસિંહ ગોલે પણ એક દિવસ શુભેચ્છા મુલાકાતે આવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના ઉત્સવ કમિટીના અધ્યક્ષ ડૉ. કિરીટ રાવલ તથા કમિટીના સભ્યો રાજુભાઈ દિક્ષીત,શશાંક સિંહા, વત્સલભાઈ ઉપાધ્યાય, જયેશભાઈ ત્રિવેદી, બટુકભાઈ, જગદીશભાઈ પટેલ, જિતેન્દ્રભાઈ પંડ્યા, મિહીરભાઈ, પાલવભાઈ, પિયુષભાઈ જાની, પરેશભાઈ શાહ, ઉન્નીભાઈ અને ડૉ. દિનેશભાઈ બારોટ, ચાલુ કારોબારી તથા પૂર્વ કારોબારીના પદાધિકારીઓનો પણ સાથ સહકાર મળ્યો હતો. નવમા દિવસની રાત્રીના ગરબા પૂર્ણ થયા બાદ સોસાયટીના પ્રમુખ ડૉ. કનૈયાલાલ નાયકે સૌ સોસાયટીના સભ્યો તથા કાર્યકરોનો આભાર માન્યો હતો.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૦૬

### તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૫ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫.૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
અજબ ગજબ લવ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
રશ : ૫.૩૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
રશ : ૧૨.૦૦, ૨.૩૦,૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૫.૦૦
અજબ ગજબ લવ : ૭.૪૫
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૩૦, ૭.૧૫,૧૦.૦૦
ઓહ! માય ગોડ : ૨.૧૫
અજબ ગજબ લવ : ૫.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૯.૪૫
અજબ ગજબ લવ :૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦
રશ : ૮.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૯.૩૦
રશ : ૧૨.૧૫, ૫.૦૦
ઓહ ! માય ગૉડ : ૨.૩૦
ચક્રવ્યૂહ : ૭.૧૫ ● સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
અજબ ગજબ લવ : ૮.૦૦, ૧૦.૩૦, ૬.૪૫
ચક્રવ્યૂહ : ૧.૧૫, ૪.૦૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

ચક્રવ્યૂહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ચક્રવ્યૂહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રશ : ૧૦.૪૫, ૭.૩૦, ૧૦.૩૦
અજબ ગજબ લવ : ૨.૦૦, ૫.૦૦
: સ્ક્રીન-૩ :
અજબ ગજબ લવ : ૧૦.૩૦, ૧૦.૦૦
રશ : ૧.૧૫, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૭.૦૦

**ચિરાગ, કલોલ**

રશ : ૧૦.૪૫, ૩.૩૦, ૮.૩૦
અજબ ગજબ લવ : ૧.૦૦, ૬.૧૫, ૧૦.૧૫

### આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવશે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આરોગ્યમાં સુધારો થઈ શકશે.

**મિથુન** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોહ કરવો પડશે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે ભવન નિર્માણ સંબંધી કાર્યો થશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓ હેરાન કરી શકે છે.

**મીન** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

### ચિરવિદાય

- સ્વ. મોતીબેન મંજીભાઈ મકવાણા (ઉ.વ. ૭૦) બ્લોક નં. ૨૩/૧, 'ચ' ટાઈપ, સેકટર-૬, ગાંધીનગર.
- સ્વ. નરેશભાઈ કાળીદાસ રાજપુત (ઉ.વ. ૫૭) ૫૫ હરસિદ્ધ નગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.